આંકઃ—૩૯

**મે.વલસાડ ખાતેની મજુર અદાલતનાં જજ અને એકસ—ઓફિસીયો કમિશ્નર ફોર એમ્પ્લોઈઝ કોમ્પેન્શેશન એકટ ,મુ.વલસાડ.**

**વ.કો. ફેટલ કેસ નં.૪/૨૦૧૩.**

અરજદારઃ— ૧. આરતીદેવી યોગેશ રાજભર,
૨. (સગીર) ઉર્મિલાદેવી યોગેશ રાજભર,
૩. રામપ્યારે અવધુર રાજભર (ડીલીટ કરેલ છે.)
તમામ હાલ રહે. રામનગર, છીરી, બાલાજીની ચાલ,
સેન્ટઝેવીયર સ્કુલની પાછળ, તા.પારડી, જી.વલસાડ
મૂળ રહે. ગામ પકડી, બરવન્ડ, પો.થાણા, દુબોલીયા બાજાર,
તા. હરઈયા, જી.બસ્તી, ઉતર પ્રદેશ

**—: વિરૂધ્ધ :—**

સામાવાળા :— ૧. શ્રી રામવિલાસ રામપ્યારે યાદવ
કે/ઓ. ઓમ રબર લાઈનીગ વર્કસ,
રહે.૫૯, સરસ્વતી નગર, વિધાવિકાસ હીન્દી સ્કુલ પાસે,
ટાંકી ફળીયા, વાપી, તા.પારડી, જી.વલસાડ
૨. વેલસ્પન ઈન્ડીયા પ્રા.લિ.
ટેરી ટોવેલ્સ ડીવીઝન, (ઈ.ટી.પી. યુનિટ)
મુ.પો.મોરાઈ, તા.પારડી, જી.વલસાડ.

પ્રતિનિધિત્વ :—
(૧) અરજદાર તરફે :— વિ.વ.શ્રી આર. સી. આહિર.
(૨) સામાવાળા નં.૧ તરફે :— વિ.વ.શ્રી આર.ટી.ઠાકોર.
(૨) સામાવાળા નં.૧ તરફે :— વિ.વ.શ્રી એ.પી.શાહ.

**—: હુ ક મ : —**

આ કામના અરજદારે સદરહુ અરજી સામાવાળા વિરૂધ્ધ કામદાર વળતર ધારા હેઠળ અકસ્માત વળતરની રકમ રૂા. ૬,૫૫,૪૧૦/— તથા મરણોત્તર ક્રિયા પાછળ થયેલ ખર્ચના રૂા.૫,૦૦૦/— મળી કુલ્લે રૂા.૬,૬૦,૪૧૦/— ની રકમ વ્યાજ અને દંડ સાથે મેળવવા સારું દાખલ કરેલ છે.

સદર કામે અરજદારે આંક — ૩૭ થી પક્ષકારોનુ સમાધાન રજુ કરેલ છે. જેમાં જણાવેલ શરતો તમામ પક્ષકારોએ કબુલ મંજુર રાખતા સમાધાન રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં અરજદારોએ સામાવાળા નં.૨ના અરજદારોને જે રુા.૫,૦૦,૦૦૦/— ફુલ એન્ડ ફાઈનલ પેટે સ્વીકાર કરેલ છે. અને વ્યાજ અને પેનલ્ટી જતી કરેલ છે. પક્ષકારોનુ સમાધાન ધ્યાને લેતા તેમા જણાવેલ રકમ કામદાર

વળતર ધારા હેઠળ અકસ્માત વળતરની રકમ મુજબ કાયદેસરની રકમ જણાય આવે છે. જે સમાધાન આધારે અત્રેની અદાલતે નીચે મુજબ હુકમ કરેલ છે.

**—: હુ ક મ:—**

પક્ષકારોના આંક—૩૭ ના સમાધાન રેકર્ડે લઈ તે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

આ કામના સામાવાળા નં.ર નાઓએ આંક—૩૭માં જણાવેલ સમાધાનની શરતોને આધિન અરજદારોને અકસ્માત વળતર પેટે ફુલ એન્ડ ફાઈનલ રકમ રુા.૫,૦૦,૦૦૦/— (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ચુકવવા હુકમ કરવામાં આવે છે.

જે રકમ આ હુકમ થયાના દિન—૩૦માં અત્રેની અદાલતમાં જમા કરાવવા હુકમ કરવામાં આવે છે.

વલસાડ
તા:૦૮—૦૯—૨૦૧૮.

( કુત્બુદ્દીન હાતીમભાઈ ટ્રંકવાલા)
કોડઃ જી.જે.૦૧૨૧૩
કમીશ્નર ફોર વર્કમેન કોમ્પેન્સેશન એકટ
એન્ડ જજ, લેબર કોર્ટ, વલસાડ.